મકરસંક્રાંતિ: ગગન રંગાયું પતંગોના રંગે

સાપુતારાની હોટલોના ધાબા, મેદાનોમાં 'કાયપો છે' ગૂંજ્યું

ગીરીશ ભોયે

હોટલોમાં પ્રવાસીઓનું તલચીકીથી સ્વાગત, ઊંધીયું પીરસાયું, મ્યુઝિક સિસ્ટમે ડાન્સ કરાવ્યો

સાપુતારા: ડાંગ જિલ્લામાં પણ મકર સંક્રાંતિના પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આહવા, વઘઇનાં આકાશમાં વહેલી સવારથી જ રંગબેરંગી પતંગો લહેરાતી જોવા મળી હતી. ખાસ કરીને ગિરિમથક સાપુતારામાં પ્રવાસીઓની ભારે ભીડ જોવા મળી હતી, જ્યાં લોકોએ કુદરતી નજારાઓ વચ્ચે પતંગબાજીનો આનંદ માણ્યો હતો.

સાપુતારાની વિવિધ હોટલોમાં પ્રવાસીઓ માટે ઉતરાયણ પર્વ નિમિત્તે વિશેષ આયોજન કરવામાં આવ્યા હતા. મહેમાનોનું સ્વાગત પરંપરાગત શૈલીમાં કરવામાં આવ્યું હતું. વિસ્તારને રંગબેરંગી પતંગો અને ફિરકીઓથી શણગારવામાં આવ્યા હતા, જે પ્રવાસીઓમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. હોટલોમાં પ્રવાસીઓ માટે ખાસ તલના લાડુ અને ચીકીની વ્યવસ્થા કરવામાં આવી હતી. પ્રવાસીઓએ ઠંડીના માહોલમાં ગરમાગરમ ઊંધિયું અને તલના લાડુનો સ્વાદ માણ્યો હતો. ગુજરાત અને મહારાષ્ટ્રના સરહદી વિસ્તારોમાંથી આવેલા પ્રવાસીઓએ સાપુતારાના ખુશનુમા વાતાવરણમાં 'કાયપો છે' ના નાદ સાથે પતંગબાજી કરી હતી.

હોટલનાં ધાબા અને ખુલ્લા મેદાનો બે ત્રણ કલાક માટે પતંગબાજોથી ઉભરાઈ ગયા હતા. જેમાંય ખાસ કરીને સાપુતારાની "પતંગ હોટલ"માં નામકરણની સાથે રંગબેરંગી પતંગોની સજાવટ કરવામાં આવી હતી અને હોટલનાં ગાર્ડનમાં પ્રવાસીઓ માટે ઉતરાયણની વ્યવસ્થા કરવામાં આવી હતી. અહીં સાઉન્ડ સિસ્ટમમાં પ્રવાસીઓએ ડાન્સ કર્યો હતો.

નવસારી શહેરમાં પતંગોની સાથે ખાણી-પીણીના પેચ પણ લડાવાયા

આકાશમાં રંગબેરંગી પતંગોની અને નાસ્તા-ફરસાણની દુકાનો પર લોકોની ભીડ સતત જામેલી રહી, લોકો દાન-પૂનનું પણ ચૂક્યા નહીં

નવસારી: નવસારી શહેરમાં મકર સંક્રાંતિ પર્વ હર્ષોલ્લાસ અને આનંદ સાથે ઉજવાયું હતું. સવારથી જ લોકોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. શરૂઆતમાં પવન ધીમો હોવા છતાં બપોર બાદ અનુકૂળ પવન ફૂંકાતા આકાશ રંગબેરંગી પતંગોથી છવાઈ ગયું હતું.

શહેરના મકાનોના ધાબા અને એપાર્ટમેન્ટના ટેરેસ પર બાળકો, યુવાનો અને વડીલો સૌએ મળીને પતંગ ચગાવવાનો આનંદ લીધો હતો. "કાઈપો છે"ના નાદ સાથે ઉતરાયણની ધૂમ મચી ગઈ હતી.

ઉતરાયણ માત્ર પતંગનો તહેવાર જ નહીં, પરંતુ સ્વાદિષ્ટ વાનગીઓનો પણ તહેવાર રહ્યો હતો. વહેલી સવારથી જ લોકોએ ફાફડા-જલેબી, ખમણ, ઉંધિયું, ચીકી, તલના લાડુ અને બોરનો આનંદ માણ્યો હતો. સ્થાનિક દુકાનો અને નાસ્તા કેન્દ્રો પર સારી ભીડ જોવા મળી હતી.

શાસ્ત્રોક્ત માન્યતા મુજબ, સૂર્ય જ્યારે મકર રાશિમાં પ્રવેશ કરે છે ત્યારે તેને મકરસંક્રાંતિ કહેવાય છે અને આ દિવસથી શુભ કાર્યોની શરૂઆત થાય છે. અનેક લોકોએ પવિત્ર ભાવના સાથે સ્નાન-દાન કરી પરંપરાનું પાલન કર્યું હતું. ઠંડીના માહોલમાં સૂર્યના કિરણોમાં પતંગ ચગાવવાથી આરોગ્યને પણ લાભ મળે છે. લોકો કહેતા હતા કે ઉતરાયણનો દિવસ તેમને તાજગી અને નવી ઊર્જા આપે છે. નવસારીમાં મકર સંક્રાંતિ પર્વ શાંતિપૂર્ણ, આનંદમય અને પરિવારિક માહોલમાં ઉજવાયું હતું, જેમાં સૌએ સાથે મળીને પરંપરા અને સંસ્કૃતિનો આનંદ માણ્યો હતો.

દમણ દરિયાકિનારે કાઈટ ફેસ્ટિવલ દેશના કાઈટ ફ્લાયર્સ આકર્ષણ બન્યા

દમણ: સંઘપ્રદેશ દમણમાં મકરસંક્રાંતિ પર્વ નિમિત્તે દમણ દીવ પર્યટન વિભાગ દ્વારા નાની દમણ અને મોટી દમણ દરિયા કિનારે કાઈટ ફેસ્ટિવલ 2026નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત, મહારાષ્ટ્ર તથા અન્ય રાજ્યોની સાથે દેશ વિદેશના પતંગબાજોએ કાઇટ ફેસ્ટિવલમાં ઉત્સાહ સાથે ભાગ લીધો હતો. દમણના આકાશમાં રંગબેરંગી અને મોટા પતંગો આકર્ષણનું કેન્દ્ર બન્યા હતાં. ખાસ આ અવસર પર ભારત દેશના 10 કાઈટ ફ્લાયર્સને પણ આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું. જેમણે બાળકોના કાર્ટૂન થીમ આધારિત વિવિધ પતંગો ઉડાવી પોતાની કલાનું પ્રદર્શન કરી પર્યટકોને મનોરંજન પૂરું પાડ્યું હતું. કાઈટ ફેસ્ટિવલને નિહાળવા દમણમાં મોટી સંખ્યામાં પર્યટકો અને સ્થાનિક સહેલાણીઓ દરિયા કિનારે ઉમટ્યા હતા.

વલસાડમાં 20 અબોલ પક્ષીને બચાવી લેવાયાં, બેનાં મોત

20 કબૂતર ઉપરાંત બે ઘુવડ અને એક બગલાને જીવદયાપ્રેમીઓએ તુરંત સારવાર આપી જીવ બચાવ્યો

વલસાડ: વલસાડમાં મકરસંક્રાંતિ દરમિયાન પતંગની દોરીથી ઘાયલ થયેલા પક્ષીઓને બચાવવા માટે જીવદયા પ્રેમીઓ સતત ખડેપગે રહ્યા હતા. તેમના આ ભગીરથ પ્રયાસોને કારણે અત્યાર સુધીમાં ૨૦થી વધુ કબૂતરોનો જીવ બચાવી લેવામાં આવ્યો છે. આ ઉપરાંત, ઈજાગ્રસ્ત હાલતમાં મળી આવેલા બે ઘુવડ અને એક બગલાને પણ તાત્કાલિક સારવાર આપીને બચાવી લેવામાં આવ્યા છે.

જીવદયા પ્રેમીઓની તત્પરતા અને સેવાકીય પ્રવૃત્તિને કારણે વલસાડમાં અનેક મૂંગા જીવોને નવજીવન મળ્યું છે. ઘાયલ પક્ષીઓની સારવાર અને તેમને સુરક્ષિત રાખવા માટે આ સ્વયંસેવકોએ દિવસ-રાત જોયા વગર કામગીરી બજાવી હતી. આ ઉત્તરાયણમાં કેટલાક દુ:ખદ બનાવો પણ બન્યા હતા. સારવાર અને બચાવ કામગીરી છતાં, ગંભીર રીતે ઘવાયેલા બે કબૂતર અને એક કોયલનું મોત નીપજ્યું હતું, જેણે પક્ષી પ્રેમીઓમાં શોકની લાગણી જન્માવી હતી.

ગણદેવી તાલુકામાં પતંગની કાતિલ દોરીથી ઘાયલ ૧૬ પક્ષીને નવજીવન

બીલીમોરા: ગણદેવી તાલુકામાં ઉતરાયણ પર્વે પતંગની દોરીથી ઘાયલ ૧૬ પક્ષીઓને નવજીવન મળ્યું હતું. કરુણા અભિયાન દરમિયાન નવસારી વાઈલ્ડ લાઈફ વેલફેર ફાઉન્ડેશનનાં હિમલ મહેતાની ટીમે ૧૬ પક્ષીને નવજીવન બક્ષ્યું હતું. જેમાં ગણદેવી પટેલ ફળીયામાં કાકણસાર, ગણદેવીમાં એક કાગડો અને બીલીમોરા નગરપાલિકા વિસ્તારમાં ૧૪ કબૂતરને સારવાર અપાઈ હતી. વનવિભાગ સ્ટાફ તેમજ વાઈલ્ડ લાઈફ વેલફેર ફાઉન્ડેશન નવસારી ભાવેશ રાઠોડ સહિતની ટીમ દ્વારા તેમને બચાવી લેવાયા હતા.

3 વર્ષથી બંધ લાઈનમાં કરંટ શરૂ થયો ને મહિલાનું મોત

બંધ લાઈન અન્ય ચાલુ લાઈનના સંપર્કમાં આવી હોવાનું તારણ, કરંટ લાગતા હોસ્પિટલ ખસેડાયા પરંતુ...

ખેરગામ: ખેરગામ તાલુકાના વાવ ગામે પોતાના જ શેરડીના ખેતરમાં કામ કરી રહેલા ૫૩ વર્ષીય મહિલાનું કરંટ લાગવાથી મોત નીપજ્યું હતું.

ખેરગામના વાવ ગામના ઉગામણા ફળિયામાં શોભનાબેન દિનેશભાઈ પટેલ (ઉ. ૫૩), ૧૪મી જાન્યુઆરીએ સવારે ૧૦ વાગ્યાની આસપાસ વાવ ગામ મંદિર ફળિયામાં પોતાના શેરડીના ખેતરમાં ગયાં હતાં. ખેતરમાંથી પસાર થતી એક ઈલેક્ટ્રિક લાઈન જે છેલ્લાં ત્રણ વર્ષથી બંધ હાલતમાં હતી અને જમીનથી ખૂબ જ નીચે નમી ગઈ હતી. જો કે, આ બંધ લાઈન અન્ય ચાલુ L.T. લાઈનના સંપર્કમાં આવી જતાં તેમાં અચાનક વીજ પ્રવાહ દોડતો થયો હતો. શોભનાબેનનો સંપર્ક આ તાર સાથે થતાં તેમને જોરદાર વીજ કરંટ લાગ્યો હતો. તેમને ૧૦૮ લન્સ મારફતે ખેરગામ CHC ખાતે ખસેડવામાં આવ્યાં હતાં, ત્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા.

આપ નેતા પ્રદીપ મિશ્રા અને સાગરિત રાજેન્દ્ર સોલંકી જેલભેગા

નવસારીના રાજકારણમાં ચક્યાર મચાવનારા ગંભીર ગુનામાં લોકોમાં ચર્ચા, તર્ક-વિતર્કો તેજ બન્યાં

લોન કૌભાંડમાં રિમાન્ડ પૂર્ણ થતા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા, જામીનઅરજીની સુનાવણી કોર્ટે મુલતવી રાખી

નવસારી: લોન અપાવવાના બહાને ગરીબ વ્યક્તિ પાસેથી રૂપિયા પચાવી છેતરપિંડી કરવાના ગંભીર આરોપમાં ધરપકડ કરાયેલા આપ નેતા પ્રદીપ મિશ્રા અને તેના સાગરિત રાજેન્દ્ર સોલંકી (એક્સ આર્મી મેન)ને રિમાન્ડ પૂર્ણ થતા નામદાર નવસારી કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા, જો કે નિર્ણય મુલતવી રખાતા બંનેને ફરી જેલને હવાલે કરાયા છે.

કોર્ટમાં રજૂઆત દરમિયાન આરોપીઓ તરફથી જામીનઅરજી દાખલ કરવામાં આવી હતી, આ કેસની સુનાવણી બીજા એડી. એ.એન. મલેક સાહેબની કોર્ટમાં હાથ ધરવામાં આવી હતી. પરંતુ અદાલતે હાલ માટે તેની સુનાવણી મુલતવી રાખી હતી. પરિણામે બંને આરોપીઓને ન્યાયિક કસ્ટડી હેઠળ જેલને હવાલે કરવાનો હુકમ કરવામાં આવ્યો હતો. હાલ બંને આરોપીઓ જેલવાસ ભોગવી રહ્યા છે.

આવતીકાલે તેમની જમીનઅરજી પર ફરી સુનાવણી થવાની સંભાવના છે, જેમાં અદાલત દ્વારા જામીન મંજૂર થાય છે કે કેમ તે અંગે નિર્ણય લેવામાં આવશે.

સમગ્ર મામલે પોલીસ તંત્ર દ્વારા તપાસ આગળ ધપાવવામાં આવી રહી છે. લોન કૌભાંડ જેવા ગંભીર ગુનામાં કોર્ટની કાર્યવાહી પર શહેરભરમાં લોકોની નજર મંડાઈ છે અને ન્યાય મળશે તેવી અપેક્ષા વ્યક્ત થઈ રહી છે.

વિજલપોરમાં જૂની અદાવતમાં યુવક પર સળિયા વડે હુમલો

ચાર યુવકે ગાળો આપી, ઢીક-મુક્કીનો માર મારી જાનથી મારવા ધમકી આપી

નવસારી: વિજલપોર વિસ્તારમાં અગાઉ થયેલી બોલાચાલીનું વેર રાખી યુવક પર ગાળા-ગાળી કરી ઢીક્કા-મુકા તથા લોખંડના સળિયાથી હુમલો કરવામાં આવતા વિજલપોર પોલીસ મથકે ચાર શખ્સ સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ, વિજલપોર સ્થિત જય ભવાની સોસાયટી, ગલી નંબર-2 ખાતે 14-01-2026ના રોજ બપોરે 1.30થી 2.00 કલાક દરમિયાન આ ઘટના બની હતી. વિકાસ રાજમાન ગુપ્તા (ઉ. 28, નોકરી, રહે. જય ભવાની સોસાયટી, વિજલપોર) દ્વારા વિજલપોર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

ફરિયાદ મુજબ આરોપી સીધ્ધુ થોરાટ, પ્રેમ પવાર (રહે. અલકાપુરી, વિજલપોર), વિલાસ તથા સાગરે ફરીયાદી સાથે ગાળા-ગાળી કરી, ઢીક્કા-મુકાનો માર મારી અને માથાના ભાગે લોખંડના સળિયાથી ઈજા પહોંચાડી હતી. સાથે જ જાનથી મારી નાંખવાની ધમકી પણ આપવામાં આવી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

વલસાડ હવે રાષ્ટ્રીય ફલક પર અંડર 19 ફાઈનલ મેચ ફાળવાઈ

સ્ટાર સ્પોર્ટ્સ અને જિયો હોટ સ્ટાર ઉપર જીવંત પ્રસારણ, ઈતિહાસમાં પ્રથમવાર હોકાઈ કેમેરા તથા ડી.આર.એસ સિસ્ટમનો ઉપયોગ કરાશે

વલસાડ: બી.સી.સી.આઈ. પ્રતિષ્ઠિત એવી અંડર-19 કૂચ બિહાર ટ્રોફીની ફાઈનલ મેચ વલસાડને ફાળવવામાં આવી છે. આ મેચ 17 જાન્યુઆરીથી 20 જાન્યુઆરી સુધી ચાલશે. વલસાડના બીડીસીએના સરદાર પટેલ સ્ટેડિયમ ઉપર ગુજરાત અને મધ્ય પ્રદેશ વચ્ચે ફાઈનલ મેચ રમાશે. આ મેચનું સ્ટાર સ્પોર્ટસ અને જિયો હોટ સ્ટાર ઉપર વિશ્વભરમાં 18 કેમેરા દ્વારા પ્રસારણ કરાશે. સાથે ઈતિહાસમાં પ્રથમવાર હોકાઈ કેમેરા તથા ડી.આર.એસ. સિસ્ટમનો ઉપયોગ કરાશે. વલસાડના મેદાનની પીચ, ગ્રાઉન્ડને ધ્યાનમાં લઈ ફાઈનલ મેચ વલસાડને ફાળવવામાં આવી છે, જે વલસાડ માટે ગૌરવ લેવા જેવી બાબત છે. મેચ વિના મૂલ્યે નિહાળવા બી.ડી.સી.એ.ના માંનદ મંત્રી જનક દેસાઈ દ્વારા જણાવાયું છે.

જલાલપોરના વૃદ્ધે લોનના વધતા વ્યાજની તાણમાં ઝેર પી મોત વ્હાલું કર્યું

નવસારી: જલાલપોર તાલુકાના કોલાસણા ગામના પીપળા ફળિયા વિસ્તારમાં રહેતા 64 વર્ષીય વૃદ્ધે ઝેરી દવા પી લેતા મોત નીપજ્યું હતું.

રમેશભાઈ ખુશાલભાઈ રાઠોડ (ઉ.64, રહે. કોલાસણા, પીપળા ફળિયું)એ 10-01-2026ના રોજ સાંજે પોતાના ઘરે આગળના ભાગે શાકભાજીમાં છાંટવાની ઝેરી દવા પી લીધી હતી. તેમને સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા, પરંતુ સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. આ અંગેની જાણ 14-01-2026ના રોજ બપોરે 1.15 કલાકે મરોલી પોલીસને કરવામાં આવી હતી.

પરિવારજનોએ જણાવ્યું હતું કે, મૃતક બેંકમાંથી લીધેલી લોનના હપ્તા ભરવામાં મુશ્કેલી અનુભવતા હતા અને વ્યાજ વધતું જતું હોવાથી તેઓ તાણમાં હતા.

પારડીના કોટલાવમાં પાર્ક કરેલી રિક્ષા આગમાં બળીને રાખ

રિક્ષાચાલક મિત્રને ત્યાં જમવા ગયો હતો

પારડી: પારડીના કોટલાવમાં રહેતા તોફીક શકીલ શેખ વસીના રિક્ષા લઈને કોટલાવ પાદરદેવી મંદિર પાછળ રોડ ઉપર પાર્ક કરી હતી અને તેઓ મિત્ર અનિલના ઘરે જમવા માટે ગયા હતાં. દરમિયાન પાર્ક કરેલ રિક્ષામાં આગ લાગી હતી. જેની જાણ થતાં મોટર ચાલુ કરી પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં કરી હતી. આગમાં આખી રિક્ષા બળીને ખાક થઈ ગઈ હતી. ઘટના અંગે 112 નંબર ઉપર પોલીસને જાણ કરતા સ્થળ ઉપર આવી પહોંચી હતી અને સમગ્ર ઘટના બાબતે પોલીસ મથકે રીક્ષા ચાલકે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
IDFC FIRST Bank
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે ભેળવવામાં આવેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)-
CIN : L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસ: KRM ટાવર્સ, 8મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ - 600031.
ટેલિફોન: +91 44 4564 4000 - ફેક્સ: +91 44 4564 4022

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ-2002ની કલમ 13 (2) હેઠળ નોટિસ

નીચેના ઋણધારકો અને સહ-ઋણ લેનારાઓએ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે ભેળવવામાં આવેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે) પાસેથી નીચે જણાવેલ સુરક્ષિત લોનનો લાભ લીધો છે અને તેમની સંબંધિત મિલકતોના મોર્ગેજ દ્વારા સુરક્ષિત કરવામાં આવી છે. તેઓ સંબંધિત લોન કરારોના નિયમો અને શરતોનું પાલન કરવામાં નિષ્ફળ ગયા હોવાથી અને અનિયમિત થઈ ગયા હોવાથી તેમની લોનને આરબીઆઈની માર્ગદર્શિકા અનુસાર NPA તરીકે વર્ગીકૃત કરવામાં આવી હતી. આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે ભેળવવામાં આવેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)ને તેમના દ્વારા બાકી રકમનો ઉલ્લેખ સંબંધિત નોટિસો અનુસાર કરવામાં આવ્યો છે, જેનો ખાસ કરીને નીચેના કોષ્ટકમાં વર્ણન કરવામાં આવ્યું છે અને ઉક્ત રકમો પર વધુ વ્યાજ પણ લાગુ થશે અને તેમની પાસેથી તેના પર સંબંધિત તારીખોથી પ્રભાવિત કરારના દર મુજબ વસૂલવામાં આવશે.

ક્રમ નં.	લોન એકાઉન્ટ નં.	લોનનો પ્રકાર	ઉધાર લેનારાઓ અને સહ-ઉધાર લેનારાઓના નામ	કલમ 13 (2) નોટિસ તારીખ	કલમ 13 (2) નોટિસ મુજબ બાકી રકમ
1	20468084	હોમ લોન	૧. સુધીર દુબે ૨. દીપશિખા દુબે	30.12.2025	INR 6,41,064.49/-

મિલકતનું સરનામું: પ્લોટ નં. ૧૩૬ના બધા ટુકડા અને પાર્સલ, ૪૦.૦૮ ચોરસ મીટર માપવા સાથે, ૨૭.૨૮ ચોરસ મીટર, રોડ અને સી.ઓ.પી. ની જમીનમાં અવિભાજિત હિસ્સો, કુલ ૬૭.૩૬ ચોરસ મીટર માપન, "સ્કાય વિલા"માં, રેવન્યુ સર્વે નં. ૨૯૦, બ્લોક નં. ૧૪૬, મોજે ગામ ખાતે સ્થિત: સ્યાદલા, તાલુકો: ઓલપાડ, જિલ્લો: સુરત, ગુજરાત-૩૯૪૫૪૦ અને સીમા નીચે મુજબ: પૂર્વ: પ્લોટ નં. ૧૩૪, પશ્ચિમ: સોસાયટી ઇન્ટરનલ રોડ, ઉત્તર: પ્લોટ નં. ૧૩૮, દક્ષિણ: પ્લોટ નં. ૧૪૦.

આથી તમને ઉપરોક્ત કોષ્ટકમાં દર્શાવેલ વિગતો મુજબ, આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે ભેળવવામાં આવેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)ને બાકી રકમની ચુકવણી તેમની સંબંધિત તારીખોથી વ્યાજના કરાર દર સાથે અને અન્ય ખર્ચ, શુલ્ક વગેરે આ પ્રકાશનની તારીખથી 60 દિવસની અંદર કરવા આહ્વાન કરવામાં આવે છે. આમ કરવામાં જો નિષ્ફળ જાય તો નીચે હસ્તાક્ષર કરનારને ગીરો મૂકેલી મિલકતો સામે SARFAESI એક્ટની કલમ 13 (4) અને કલમ 14 હેઠળ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે ભેળવવામાં આવેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)ની લેણી રકમ વસૂલવા માટે ઉપર ઉલ્લેખિત સંપત્તિઓ વિરુદ્ધ કાર્યવાહી શરૂ કરવા માટે બાધ્ય કરવામાં આવશે. વધુમાં તમને ઉપરોક્ત અધિનિયમની કલમ 13 (13) હેઠળ વેચાણ/લીઝ દ્વારા અથવા અન્ય રીતે ઉપરોક્ત સુરક્ષિત અસ્ક્યામતોને સ્થળાંતરિત કરવા માટે પ્રતિબંધિત કરવામાં આવે છે.

એસડી/- અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે ભેળવવામાં આવેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)

તારીખ: 16.01.2026
સ્થળ: સુરત, ગુજરાત

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
IDFC FIRST Bank
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે ભેળવવામાં આવેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)-
CIN : L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસ: KRM ટાવર્સ, 8મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ - 600031.
ટેલિફોન: +91 44 4564 4000 - ફેક્સ: +91 44 4564 4022

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ-2002ની કલમ 13 (2) હેઠળ નોટિસ

નીચેના ઋણધારકો અને સહ-ઋણ લેનારાઓએ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે ભેળવવામાં આવેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે) પાસેથી નીચે જણાવેલ સુરક્ષિત લોનનો લાભ લીધો છે અને તેમની સંબંધિત મિલકતોના મોર્ગેજ દ્વારા સુરક્ષિત કરવામાં આવી છે. તેઓ સંબંધિત લોન કરારોના નિયમો અને શરતોનું પાલન કરવામાં નિષ્ફળ ગયા હોવાથી અને અનિયમિત થઈ ગયા હોવાથી તેમની લોનને RBIની માર્ગદર્શિકા અનુસાર NPA તરીકે વર્ગીકૃત કરવામાં આવી હતી. આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે ભેળવવામાં આવેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)ને તેમના દ્વારા બાકી રકમનો ઉલ્લેખ સંબંધિત નોટિસો અનુસાર કરવામાં આવ્યો છે, જેનો ખાસ કરીને નીચેના કોષ્ટકમાં વર્ણન કરવામાં આવ્યું છે અને ઉક્ત રકમો પર વધુ વ્યાજ પણ લાગુ થશે અને તેમની પાસેથી તેના પર સંબંધિત તારીખોથી પ્રભાવિત કરારના દર મુજબ વસૂલવામાં આવશે.

ક્રમ નં.	લોન એકાઉન્ટ નં.	લોનનો પ્રકાર	ઉધાર લેનારાઓ અને સહ-ઉધાર લેનારાઓના નામ	કલમ 13 (2) નોટિસ તારીખ	કલમ 13 (2) નોટિસ મુજબ બાકી રકમ
1	68923044 & 68918904	હોમ લોન	૧. જીતેન્દ્ર કુમાર કાંતિ લાલ ૨. હર્ષા દેવી જીતેન્દ્ર કુમાર	27.12.2025	INR 13,52,976.65/-

મિલકતનું સરનામું: ફ્લેટ નં. ૧૦૮ના બધા ટુકડા અને પાર્સલ, ૫૩૫ ચોરસ ફૂટ, એટલે કે ૪૯.૭૦ ચોરસ મીટર, બિલ્ટ અપ એરિયા, ૪૮૬.૬૩ ચોરસ ફૂટ, એટલે કે ૪૫.૨૪ ચોરસ મીટર, કાર્પેટ એરિયા, જમીનમાં પ્રમાણસર અવિભાજિત હિસ્સો ૨૨.૧૦ ચોરસ મીટર સાથે., પહેલા માળે, (મંજૂર યોજના મુજબ ઉચ્ચ ગ્રાઉન્ડ ફ્લોર પર), "બી-દાદપ બિલ્ડીંગ" "વિંગ-બી", "ટ્યુલિપ બિલ્ડીંગ", "બ્લોસમ પાર્ક" તરીકે ઓળખાતો પ્રોજેક્ટ., એન.એ. લેન્ડ બેરિંગ રેવન્યુ સર્વે નં. 111/1 પર વિકસાવવામાં આવ્યો છે, વિલય બાદ 7/12 મુજબ બ્લોક નં. 98 અને રેવન્યુ સર્વે નં. 111/2, વિલય બાદ 7/12 મુજબ બ્લોક નં. 99 મોજે ખાતે સ્થિત: ગામ કડોદરા, પેટા-જિલ્લા અને તાલુકા પલસાણા, જિલ્લો: સુરત, રાજ્ય: ગુજરાત, ગુજરાત-394327, અને પૂર્વ: સંલગ્ન બ્લોક નં. 84, પશ્ચિમ: સંલગ્ન રોડ, ઉત્તર: સંલગ્ન બ્લોક નં. 100 અને 101, દક્ષિણ: સંલગ્ન રોડ.

આથી તમને ઉપરોક્ત કોષ્ટકમાં દર્શાવેલ વિગતો મુજબ, આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે ભેળવવામાં આવેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે) ને બાકી રકમની ચુકવણી તેમની સંબંધિત તારીખોથી વ્યાજના કરાર દર સાથે અને અન્ય ખર્ચ, શુલ્ક વગેરે આ પ્રકાશનની તારીખથી 60 દિવસની અંદર કરવા આહ્વાન કરવામાં આવે છે. આમ કરવામાં જો નિષ્ફળ જાય તો નીચે હસ્તાક્ષર કરનારને ગીરો મૂકેલી મિલકતો સામે SARFAESI એક્ટની કલમ 13 (4) અને કલમ 14 હેઠળ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે ભેળવવામાં આવેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)ની લેણી રકમ વસૂલવા માટે ઉપર ઉલ્લેખિત સંપત્તિઓ વિરુદ્ધ કાર્યવાહી શરૂ કરવા માટે બાધ્ય કરવામાં આવશે. વધુમાં તમને ઉપરોક્ત અધિનિયમની કલમ 13 (13) હેઠળ વેચાણ/લીઝ દ્વારા અથવા અન્ય રીતે ઉપરોક્ત સુરક્ષિત અસ્ક્યામતોને સ્થળાંતરિત કરવા માટે પ્રતિબંધિત કરવામાં આવે છે.

એસડી/- અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે ભેળવવામાં આવેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)

તારીખ: 16.01.2026
સ્થળ: સુરત, ગુજરાત